# અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જાહેરાત ક્રમાંકઃ (FOREST/201819/1)

જાહેરાત ક્રમાંકઃ FOREST/201819/1 વનરક્ષક, વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતીની ૩૩૪ જગ્યાઓ અનુસંધાને જે તે જીલ્લામાં નિમણુંકને લાયક ઉમેદવારોની પસંદગીયાદી જીલ્લાવાર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે નિમણુંકને લાયક ઉમેદવારોની જીલ્લાવાર પસંદગીયાદી આ સાથે સામેલ છે.

વનરક્ષક, વર્ગ–૩ સંવર્ગના ભરતી નિયમો અનુસાર આ પસંદગીયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોએ નિયત સમયમાં અને મળવાપાત્ર નિયત તકમાં આ વોકીંગ ટેસ્ટ લેવાનો થાય છે.

**આ વોકીંગ ટેસ્ટના સ્થળ, સમય અને તારીખની વિગતો નીચે મુજબ છે.**

| વોકીંગ ટેસ્ટ માટેની પ્રથમ તકનો તારીખ અને સમય | વોકીંગ ટેસ્ટ માટે હાજર રહેવાનું સ્થળ |
|---|---|
| **તા.૨૩/૦૭/૨૦૨૨**<br>**સવારે ૫.૦૦ કલાકે**<br><br>(જો તા.૨૩/૦૭/૨૦૨૨નાં રોજ વરસાદ/અન્ય કારણોસર વોકીંગ ટેસ્ટ ના યોજાઇ શકે તો આ જ વોકીંગ ટેસ્ટ તા.૨૪/૦૭/૨૦૨૨નાં રોજ સવારે ૫:૦૦ કલાકે આ જ સ્થળ ખાતે યોજવામાં આવશે) | **લેકાવાડા પાટીયા થી શાહપુર ક્રોસ રોડ અરણ્યઉદ્યાન, શાહપુર ગામ પાસે, ગાંધીનગર**<br>**(ઉમેદવારે હાજર થવાનું સ્થળ: અરણ્યઉદ્યાનના ગેટ પાસે)** |

(૧) વનરક્ષક, વર્ગ–૩ ની જગ્યાએ પસંદગી પામેલ દરેક ઉમેદવારએ સદરહુ વોકીંગ ટેસ્ટ પાસ કરવો ફરજીયાત હોઇ, દરેક ઉમેદવારોએ ઉપર પત્રકમાં જણાવેલ સ્થળ, સમય અને તારીખે વોકીંગ ટેસ્ટમાં હાજર રહેવાનુ રહેશે.

(૨) વનરક્ષક, વર્ગ–૩ ના ભરતી નિયમોના પેરા–૬ અનુસાર પુરુષ ઉમેદવારએ ૨૫ કિલોમીટર અંતર ૪ કલાકમાં પુરુ કરવાનુ રહેશે અને મહિલા ઉમેદવારોએ ૧૪ કિલોમીટર અંતર ૪ કલાકમાં પુરુ કરવાનુ રહેશે.

(૩) વનરક્ષક, વર્ગ–૩ ના ભરતી નિયમોના પેરા–૬ ના પરંતુક અનુસાર પ્રથમ વોકીંગ ટેસ્ટમાં ગેરહાજર રહેનાર ઉમેદવાર / કોઇ કારણોસર વોકીંગ ટેસ્ટ પાસ ના કરી શકનાર ઉમેદવારને આ વોકીંગ ટેસ્ટ પાસ કરવા માટે બીજી અને આખરી તક આપવામાં આવશે. આ બીજી અને આખરી વોકીંગ ટેસ્ટમાં ગેરહાજર રહેનાર / નાપાસ થયેલ ઉમેદવારને કોઇપણ સંજોગોમાં વધુ તક આપવામાં આવશે નહિ

(૪) વનરક્ષક, વર્ગ–૩ ના ભરતી નિયમો અનુસાર સદરહુ વોકીંગ ટેસ્ટએ ભરતી પ્રક્રિયાનો જ એક ભાગ હોઇ કોઇપણ ઉમેદવારોએ તેઓને નિમણૂંક મળી ગયેલ છે તેમ માની લેવાનુ રહેશે નહિ.

(૫) દરેક ઉમેદવારએ સદરહુ વોકીંગ ટેસ્ટ માટે હાજર રહેતા સમયે તેઓને શારીરિક ક્ષમતા કસોટી સમયે મેળવેલ કોલ લેટર અને સરકારશ્રી માન્ય પાનકાર્ડ, આધારકાર્ડ, મતદાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ વિગેરે પૈકી કોઇપણ એક ફોટાવાળું ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે.

(૬) હાલમાં ચોમાસાની સિઝન હોવાથી અથવા કોઇ અન્ય અનિવાર્ય સંજોગોના કારણે તા.૨૩/૦૭/૨૦૨૨ નાં રોજ વોકીંગ ટેસ્ટનું આયોજન શકય ના બને તો આ જ વોકીંગ ટેસ્ટ ઉપર પત્રકમાં જણાવેલ સમય અને સ્થળ ખાતે તા.૨૪/૦૭/૨૦૨૨નાં રોજ યોજવામાં આવશે. આ બાબતે અલગથી કોઇ સુચના પ્રસિધ્ધ કરવામાં આવશે નહિ.

(૭) સદરહુ વોકીંગ ટેસ્ટ સમયે વોકીંગ ટેસ્ટના સ્થળે ઉમેદવાર સિવાયના અન્ય કોઇ સગાં- સબંધી- વ્યકિતઓને પ્રવેશ આપવામાં આવશે નહિ.

(૮) વોકીંગ ટેસ્ટના સ્થળે ઉપસ્થિત રહેનાર ઉમેદવારએ કોઇપણ પ્રકારના માદક / કેફી પદાર્થનુ સેવન કરવુ નહિ. આવા માદક / કેફી પદાર્થનુ સેવન કરેલ કોઇપણ ઉમેદવારને વોકીંગ ટેસ્ટના સ્થળે પ્રવેશ આપવામાં આવશે નહિ.

(૯) સદરહુ વોકીંગ ટેસ્ટ માટે દરેક ઉમેદવારએ સ્વ –ખર્ચે ઉપસ્થિત થવાનુ રહેશે.

(૧૦) સદરહુ વોકીંગ ટેસ્ટ દરમિયાન ઉમેદવારો વોકીંગ ટેસ્ટમાં મદદરૂપ બને તેવા લાકડી વિગેરે કોઇપણ અન્ય સાધનોનો પ્રયોગ કરી શકશે નહિ.

(૧૧) દરેક ઉમેદવારએ સદરહુ વોકીંગ ટેસ્ટ પોતાના જોખમે ભાગ લેવાનો રહેશે. વોકીંગ ટેસ્ટ દરમિયાન ઉમેદવારને થયેલ ઇજા / અકસ્માત કે અન્ય કોઇ નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓની અંગત જવાબદારી રહેશે.

(૧૨) સદરહુ વોકીંગ ટેસ્ટમાં ઉપસ્થિત રહેનાર દરેક ઉમેદવારોએ ઉપર જણાવેલ સુચનાઓએ ઉપર જણાવેલ તમામ સુચનાઓની નોંધ લેવી.

(૧૩) પ્રતિક્ષાયાદીના ઉમેદવારોને જયારે પ્રતિક્ષાયાદી ઓપરેટ કરવાનો સમય આવે ત્યારે બોલાવવામાં આવશે.

(૧૪) ઉપરોકત બાબતે વધુ જાણકારી/પુછપરછ માટે હેલ્પલાઇન નં.૧૯૨૬ ઉપર સંપર્ક કરવો તથા અન્ય જરૂરી સુચનાઓ માટે વન વિભાગની વેબસાઇટ **https://forests.gujarat.gov.in** તથા **https://ojas.gujarat.gov.in** અવાર નવાર જોતાં રહેવા વિનંતી છે.

તા.૧૬/૦૭/૨૦૨૨
સ્થળ – ગાંધીનગર

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
વહીવટ અને આઇ.ટી.
ગુજરાત રાજય, ગાંધીનગર